# પર્સનાલિટી, સ્ટાઈલ દર્શાવતાં ક્લચ





સ્ટાઈલિશ ડ્રેસિસ સાથે યોગ્ય એક્સેસરી લુકને ફિનિશિંગ ટચ આપે છે. ક્લચ બેગ એક ટ્રેન્ડી, ક્લાસી અને સ્ટાઈલિશ ઓપ્શન છે. એ માત્ર એક નાની બેગ નથી પરંતુ એક ફેશન સ્ટેટમેન્ટ છે. જે તમારી પર્સનાલિટી, સ્ટાઈલ અને એટીટ્યુડ દર્શાવે છે. ક્લચ બેગ દિવસથી રાત સુધી, કેઝ્યુઅલથી ફોર્મલ સુધી અને દરેક અવસરે સહેલાઈથી કેરી કરી શકાય છે. માર્કેટમાં ક્લચની અનેક ડિઝાઈન મળે છે. કોમ્પેક્ટ ડિઝાઈન, રિચ, ટેક્સચર અને ક્રિયેટિવ શેપ્સને કારણે ક્લચ દરેક મહિલાની પહેલી પસંદ છે. ક્લચ લુકને એલિગન્ટ અને સોફિસ્ટિકેટેડ ફીલ આપે છે. આવો જોઈએ ક્લચના પ્રકાર અને આઉટફિટ્સ સાથે ક્લચ કઈ રીતે મિક્સ એન્ડ મેચ કરી શકાય.

## બોક્સ ક્લચ



મોડર્ન મિનિમલ લુક ક્રિએટ કરવા ઈચ્છતાં હો તો બોક્સ ક્લચ કેરી કરી શકાય. બોક્સ ક્લચ દુલ્હન, બ્રાઈડ્સમેડ્સ, ફેશનપરસ્ત મહિલાઓ કે ઓફિસ પાર્ટી માટે સારો વિકલ્પ છે. સોલિડ કલર્સ, ગ્લાસ ઈફેક્ટ, મિરર કટ્સ કે એક્રેલિક ફિનિશવાળા બોક્સ ક્લચ આજકાલ સેલેબ્સની પહેલી પસંદ છે. અલબત્ત- એમાં મોબાઈલ, લિપસ્ટિક સિવાય વધારે ખાસ કંઈ મૂકી શકાતું નથી પરંતુ એ સમગ્ર લુકને નિખારે છે.



## સ્લિંગ ક્લચ

થોડો મોડર્ન ટચ ઈચ્છતાં હો તો ચેનવાળા સ્લિંગ ક્લચ પર્ફેક્ટ વિકલ્પ છે. એને હેન્ડ ક્લચ અને સ્લિંગ બેગ બંને રીતે કેરી કરી શકાય છે. આ ક્લચ તમને સ્ટાઈલ, સુરક્ષા અને હરવાફરવાની આઝાદી આપે છે.

## મેટાલિક શાઈન ક્લચ

ગોલ્ડ, સિલ્વર, રોઝ ગોલ્ડ કે કોપર ટચવાળા ક્લચ કોઈ પણ પાર્ટી કે નાઈટ ઈવેન્ટમાં ગ્લેમર એડ કરે છે. સિક્વન, ગ્લિટર અને શિમરી ડ્રેસિસ સાથે એ ઘણા સ્ટાઈલિશ અને એલિગન્ટ લાગે છે.

## ફ્રિંજ અને ફેધર ક્લચ

ફ્રિંજ, ટસલ્સ કે ફેધર ડિઝાઈનવાળા ક્લચ બેહદ ગ્લેમરસ અને સ્ટેટમેન્ટ લુક આપે છે. પાર્ટી અને ક્લબ નાઈટ માટે બેસ્ટ ઓપ્શન છે.

## એન્વેલપ ક્લચ બેગ

એન્વેલપ ક્લચ બેગ સ્ટાઈલિશ, વેલ મેઈડ અને રાત અને દિવસ બંને માટે પર્ફેક્ટ છે. સિમ્પલ ડિઝાઈન અને ફ્લેપ ઓવર ફાસ્ટનિંગને કારણે એ ફોર્મલ અને સેમી ફોર્મલ બંને પ્રકારનાં આઉટફિટ્સ સાથે સારાં લાગે છે. એન્વેલપ ક્લચ એ મહિલાઓ માટે સૌથી વધુ યોગ્ય છે જે સાદગીની સાથે શાલીનતાને પણ મહત્ત્વ આપે છે. એ વિભિન્ન સાઈઝ અને મટીરિયલમાં મળે છે. ઓફિસ બાદ કોકટેલ પાર્ટી અને ઓફિસ મીટિંગ માટે આઈડિયલ છે.

## ઓવરસાઈઝ ક્લચ



ક્લચ નાનાં જ હોય એ માન્યતાને ઓવરસાઈઝ ક્લચ તોડે છે. સ્ટાઈલ સાથે સમજૂતી કર્યા વિના એ ભરપૂર જગ્યા આપે છે. આ ક્લચમાં તમારી જરૂરતોની વસ્તુઓ સહેલાઈથી રાખી શકાય છે. આ એક આઈડિયલ એક્સેસરી છે જે ફોર્મલ, કેઝ્યુઅલ કે પાર્ટી વેર સાથે સારી લાગે છે.

## પર્લ અને સ્ટોન સ્ટડેડ ક્લચ

ખાસ કરીને લગ્ન, ફોર્મલ ઉત્સવો અથવા બ્રાઈડલ ઈવેન્ટમાં પર્લ ક્લચ અથવા કોઈ પણ ફેન્સી સ્ટોન જડિત ક્લચ એલિગન્સ, ગ્રેસ અને સુંદરતા આપે છે. મોતી અથવા બીડ્સવાળી આ નાની એક્સેસરી પણ ખાસ આકર્ષણનું કેન્દ્ર બની શકે છે.



ફ્લોઈંગ ગાઉન કે ટ્રેડિશનલ આઉટફિટ્સ સાથે એ પર્ફેક્ટ લાગે છે.

## એમ્બ્રોઈડરી અને એથનિક વર્ક

જરી, રેશમ, સિક્વન્સ વર્ક કે થ્રેડ એમ્બ્રોઈડરીવાળા ક્લચ લગ્ન કે ફેસ્ટિવ લુક માટે બેસ્ટ ઓપ્શન છે. એ લહેંગા, સાડી કે ઈન્ડો વેસ્ટર્ન આઉટફિટ માટે બેસ્ટ છે.

## આઈકોનિક મોટિફ ક્લચ

ઈવિલ આઈ, ફ્લોરલ મોટિફ, બટર ફ્લાય કે ગોડ ડિઝાઈનવાળા ક્લચ આજકાલ સોશ્યલ મીડિયા પર બહુ ટ્રેન્ડ કરે છે. યુનિક લુક માટે કોઈ પણ આઉટફિટ સાથે એ કેરી કરી શકાય છે.



## એક્રેલિક આર્ટ ક્લચ

ક્રિસ્ટલ રેઝિન આર્ટ અને ટ્રાન્સપરન્ટ એક્રેલિક બેઝવાળા ક્લચ બહુ યુનિક અને ક્લાસી લાગે છે. ફોટોશૂટ અને પાર્ટી બંને માટે બેસ્ટ છે.

## ટિપ્સ

» આઉટફિટ્સ અને ઈવેન્ટ પ્રમાણે મેચ કરો.
» સાંજની પાર્ટીમાં શાઈની કે ન્યૂડ શેડ પસંદ કરો.
» ડેલી કે ઓફિસ પાર્ટી માટે મિનિમલ ડિઝાઈન બેસ્ટ છે.
» આઉટફિટ સાથે મેચ કે કોન્ટ્રાસ્ટ થતાં કલર પસંદ કરો.
» સાંજની પાર્ટીમાં ગોલ્ડ પાર્ટી ક્લચથી બધાંનું ધ્યાન આકર્ષિત કરો. કોકટેલ ડ્રેસ કે ગાઉન સાથે એ આદર્શ છે.

